3/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૦૮

વર્ષ-૬ • અંક-૧૮૦ • સળંગ અંક - ૨૧૮૦ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. મો. ૮૧૦૪૨૦૯૩૯૨ | ફક્ત મેમ્બરો માટે

સૂર્યોદય - ૦૬.૨૩.૨૫
સંવત - ૨૦૮૧
ભાદરવા સુદ-૦૩, સોમવાર
તા. ૨૫-૦૮-૨૦૨૫
સૂર્યાસ્ત - ૦૬.૫૮.૦૬

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે | ‘સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ’ | www.kutchipatrika.org



**નવાવાસ** હાલે પુનાના **સુષ્મા ચિરાગ શાહ (વોરા)** (ઉ.વ. ૪૧) તા. ૨૧-૮-૨૫નાં ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. ભાનુબેન પ્રેમજી વેલજીના પૌત્રવધુ. મધુ દિનેશ પ્રેમજીના પુત્રવધુ. ચિરાગના ધર્મપત્ની. મીષ્ટીના મમ્મી. રૂપા, શશીકાંત, કુંદા, ટેકચંદ, ડોણના નિર્મળા રતનશી નેણશી, ગોધરોના કુસુમ ટેકચંદ જેઠાલાલના ભત્રીજા વહુ. પ્રતીક, મયુરી, વરૂણ, દિપક, ચેતન, નીતા, શ્વેતા, હેલીનના ભાભી. જાગૃતિ, પ્રેક્ષાના જેઠાણી. ઔરંગાબાદના સ્નેહલતા રાજકુમાર પટેલના સુપુત્રી. અમિત, દિનેશ, પ્રિયાના બહેન. દિપતા, દક્ષાના દેરાણી. **પ્રાર્થના રાખેલ નથી.** દિનેશ પ્રેમજી શાહ, ફ્લેટ નં. ૧૧, શ્રી વિશ્વાસ શ્રી એપાર્ટમેન્ટ, અલકાપુરી સોસાયટી, વનાસુ કંપનીની બાજુમાં, પોડ રોડ, પુણે-૩૮. દિનેશ-૯૬૫૩૨૨૦૯૬૯, ચિરાગ-૮૦૮૭૬૮૩૮૩૦.

4/1/1 -------- (1-1)

**॥ નેત્રદાન માટે મૃત્યુબાદ તુંરત સંપર્ક કરો ॥**
**બહેના : મુંબ્રાથી વિક્રોલી,પવઈ-૯૯૩૦૦૫૯૧૦૧**

**(JYF) જૈન યુથ ફોરમ**
**સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ**

- આજે સોશીયલ મીડીયા (ફેસબુક, ઈન્સ્ટા વગેરે)નો ઉપયોગ ૧ કલાક થી વધારે કરવો નહીં. (અનર્થ દંડથી બચવા માટે)
- મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.
- વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.
- JYF હેલ્પલાઈન નંબર 8591438983.
- જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(13) -------- (A-9451)(1-2)

**શ્રી મલાડ આ.કો.ના.પ. સ્થા.જૈન સંઘ**

તા.૨૭/૦૮/૨૫ના ધર્મ આરાધનાના કાર્યક્રમ @ ગાલા બ્લોસમ.

- સવારના : ૯.૩૦ થી ૧૧.૦૦ કલાકે કુંજનબેન કેનીયા (બારોઈ) કરાવશે.
- શ્રાવક શ્રાવિકાઓ માટે સમૂહમાં આલોયણા બપોરના ૨.૩૦ કલાકે શ્રી જયેશભાઈ છેડા (બગડા) કરાવશે.
- સામૂહિક સાવંત્સરિક પ્રતિક્રમણ સાંજે ૬.૩૦ કલાકે
- શ્રાવક ભાઈઓ - ૧લે માળે
- શ્રાવિકા બહેનો - ૮મે માળે. લિ. મલાડ આ.કો. ના.પ.સ્થા.જૈન સંઘ.

4/1/1(12) -------- (A-9452)(1-3)

## શૈક્ષણિક

**ગામ ગોધરાના માતુશ્રી લક્ષ્મીબેનને**
**હાર્દિક શ્રધ્ધાંજલિ - સોનગઢ રત્નાશ્રમ**

સોનગઢ રત્નાશ્રમ એટલે ઉત્તમ માનવી તરીકેનું જીવન જીવવાની કળા પીરસતી માતા એકમાત્ર એવી સંસ્થા કે જ્યાં વિદ્યાર્થીઓએ પરિક્ષામાં મેળવેલ ગુણ કરતા જીવનમાં કેળવેલ ગુણને વધુ મહત્વ અપાય છે. શ્રેષ્ઠ શિક્ષણના સાથે સાથે ઉચ્ચ કોટી મૂલ્યો તથા સિધ્ધાતોને વિદ્યાર્થીમાં રોપવામાં આવે છે. ગામ : ગોધરા-બોરીવલીના માતુશ્રી લક્ષ્મીબેન આણંદજી દેઢિયાના આત્મશ્રેયાર્થે હસ્તે શ્રી દિલીપભાઈ એ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૨૨૦૦૦/- (૨) બે વિદ્યાદાતાનું દાન આપી સ્વજનની સ્મૃતિને કાયમ કરી આવા શુભ કાર્યો આપના હાથે દર વર્ષે વધુને વધુ થતા રહે એવી રત્નાશ્રમ પરિવારની ભૂરી ભૂરી અનુમોદના. લિ. વિજય મણીલાલ નિસર ભૂ.વિ. મંડળ સભ્ય - પ્રતાપુર - 8108498818.

2/1/1(10) -------- (A-9438)(1-4)

**સૌ છેડા ભાવિકોને જય માતાજી**
**છેડા ભાવિક મંડળ ટ્રસ્ટ**

મુળ સ્થાન નંદુ ફળિયો (નાનાભાડીયા) નમતા ભાવીકો ના માતાજીની સમૂહ પહેડી તા.૨૫/૦૧/૨૬ ને રવિવારે સવારે ૮.૦૦ વાગે ચીચબંદર મહાજન વાડી, મસ્જિદ બંદર ખાતે રાખવામાં આવેલ છે.

- પહેડી આના ફોડ થી કરવામાં આવશે.
- એક આનો રૂા. ૧૦૦૦ રાખવામાં આવેલ છે.
- (૨) આસો માસ નવરાત્રીમાં સ્થાનિકે માતાજીના મંદિરે નવ દિવસનો ચંડીપાઠ કરવામાં આવશે અને આઠમના દિવસે હવન કરવામાં આવશે.
- નવ દિવસના ચંડીપાઠ અને હવન નો નકરો રૂ.૨૫૦૦૦/- ના એક સદગૃહસ્થ દાતા પરિવારે લાભ લીધેલ છે. નવરાત્રી પ્રારંભ ૨૨-૯-૨૫ થી ૩૦-૯-૨૫ના છે.
- હવન આઠમ ના ૩.૦૦ વાગે પછી થશે. (૩) દિવાળી પછી કારતક સુદ આઠમના માતાજીની ધજા ચડાવવામાં આવશે. ધજાનો ચડાવો બોલાવવામાં આવશે.
- ધજાના ચડાવા માટે રૂપિયા ૨૫,૦૦૦ નું નામ આવી ગયેલ છે.
- આ ચડાવાને રૂપિયા એક હજારના વધારા સાથે આગળ વધારી શકાશે. જેમણે પણ ઉપરોક્ત લાભ લેવા હોય અથવા કંઈપણ પૂછપરછ કરવી હોય તો
- અનિલભાઈ છેડા (મોટી ખાખર) 09819412941 નો સંપર્ક કરવો. આદ્ય શકિત, દેવીદયાળી, જગત જનની માઁ અંબાના દરેક અનુષ્ઠાનમાં ભાગ લેવા છેડા ભાવિકોને નમ્ર આહવાન.
- લી. છેડા ભાવિક મંડળ ટ્રસ્ટ મૂળ સ્થાન નંદુ ફરિયો નાના ભાડિયા.

4/1/1(16) -------- (B-947)(1-5)

**શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ-દાદર (વે.)**
સંચાલિત
શ્રી કરશન લધુભાઇ નિસર જૈન ધર્મસ્થાનક, શ્રી નવનીત જૈન હેલ્થ સેન્ટર
પી.ટી. રજીસ્ટર નં. એ. ૮૦૦ (બી). ૧૨, જ્ઞાન મંદિર રોડ, દાદર (વે.), મુંબઇ-૨૮.

ગચ્છાધિપતિ પૂ. આચાર્ય શ્રી દેવજી સ્વામીની ગાદી અમર તપો
શ્રી કચ્છ આઠકોટી મોટી પક્ષ સંપ્રદાયના આ. ભ. શ્રી પુનમચંદ્રજી સ્વામી
તથા સુવ્યાખ્યાની ગુરૂણીમૈયા મણીબાઈ મહાસતીજી છસરાવાલાના સુશિષ્યા
નિડર વક્તા, શાસનરત્ના બા.બ્ર. પૂ. સુભદ્રાબાઈ મહાસતીજી આદિ ઠાણા-૬ ની નિશ્રામાં

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ આરાધના સંવત ૨૦૮૧, સવારના વ્યાખ્યાન વિષય:
જીવન બનાવો સુપર ફાઈન, સોમવાર, તા. ૨૫-૮-૨૫, ૯ થી ૧૦.૧૫

૪૧ મી પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા
વ્યાખ્યાનમાળાના પ્રમુખ: તત્વચિંતક પ્રો.નવીનચંદ્ર કુબડિયા
આજે રાત્રે ૯.૦૦ થી ૧૦.૧૫ કલાકે

**સોમવાર, તા. ૨૫-૦૮-૨૦૨૫,**
**જય વસાવડા “સૌંદર્ય પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે”**

નાની વયથી જ સફળતાઓની શૃંખલા ઊભી કરી દઇ વિશાળ જ્ઞાન અને અદ્‌ભુત વક્તૃત્વથી યુવાનોનાં હૈયાં પર રાજ કરનાર આંતરરાષ્ટ્રીય વ્યક્તિત્વ એટલે જય વસાવડા. ગુજરાત સમાચારની તેમની લોકપ્રિય કોલમો ‘અનાવૃત્ત’ અને ‘સ્પેક્ટ્રોમીટર’ દ્વારા તેઓ લાખો વાચકોના હૃદયમાં સ્થાન પામ્યા છે. તેઓ અદ્‌ભુત વક્તા છે.



દરેક પ્રવચન જે તે પ્રવચનના બીજા દિવસે સવારે ૧૧ વાગ્યાથી ગમે ત્યારે You tube ઉપર માણી શકાશે. Link: VARDHMAN SANGH DADAR VYAKHYANMALA
વિડિયોગ્રાફી સંચાલક: શ્રી ભરત હંસરાજ ગલિયા (પત્રી- દાદર)
ધ્વનિ પ્રસારણ: શ્રી ગુંજન દેવચંદ કુરીયા (નવાવાસ)
વિસત સાઉન્ડ એન્ડ ઈવેન્ટ્સ - 98330 75883
(*901)
લિ. ટ્રસ્ટીઓ, અધિકારીઓ અને કારોબારી સભ્યો
DEV GRAPHICS - 93 23 84 28 28

**શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઇ**
૨૨૬-૨૩૨ નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, જૈન દેરાસર, મુંબઈ-૪૦૦૦૦૯.

શુભાશિષ દાતા : સંઘ શાસન કૌશલ્યાધાર, પરમાર્થમૂર્તિ અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ની આજ્ઞાથી

શ્રી કચ્છી વીસા ઓશવાલ દેરાવાસી જૈન મહાજન-મુંબઈની પહેલથી જે પણ શ્રી સંઘમાં સાધારણ ખાતાની વૃદ્ધિ તથા શ્રી સંઘમાં સર્વેનું અધ્યાત્મિક ઉત્થાન થાય તે અર્થે અષ્ટમંગળના ચડાવા થયા હોય તે પણ પોતાના સંઘ નું નામ અને અષ્ટમંગળનો ટોટલ ચડાવો સ્વપ્ન ચડાવા સાથે અલગથી મોકલાવે.

સર્વે અષ્ટમંગળના ચડાવાનું લિસ્ટ અલગથી પ્રસિદ્ધ કરાશે.
લિ. માનદ્ મંત્રીઓ

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ
☎ ૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨ ☎
www.kvoss.org

**શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ**
**કાર્યાલય બંધ અંગે**

બુધવાર તા. ૨૭ ઓગષ્ટ ૨૦૨૫નાં રોજ ગણેશ ચતુર્થી/સંવત્સરી નિમિત્તે શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ કાર્યાલય અને સંજીવની કાર્યાલય બંધ રહેશે તેની સૌ જ્ઞાતિજનો નોંધ લે.

● એ દરમ્યાન મેડીક્લેઈમ માટે હોસ્પીટલમાં એડમીટ થયાની જાણ માટે ખુશી મારૂ : મો. ૯૩૨૧૮૫૮૫૪૯ પર વિગત વોટસએપ કરવી અને કેશલેશ માટે નીતીન નવાલે મો. ૮૯૨૮૭૭૩૩૨૪નો સંપર્ક કરવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(8) --------- (A-9441)(2-1)

**તા. ૨૫ ઓગસ્ટ સેવા સમાજ 'શુભેચ્છક દાતા'**

સ્વ. શ્રી લાલજી વીજપાર ગાલા (મોટી ખાખર)ની પુણ્યતિથિ નિમિત્તે ગં. સ્વ. દેવકાંબેન લવજી વીજપાર ગાલા ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી.

● પુત્રવધૂ ડિમ્પલ મનીષ મણિલાલ ગાલાનાં જન્મદિન નિમિત્તે શ્રી મણિલાલ ઉમરશી ગાલા (કાડાંગરા) તરફથી.

● સ્વ. શ્રી નેમજી પ્રેમજી ધારશી સંગોઈનાં સ્મરણાર્થે હસ્તે હેમલ અમિત હરીલાલ સંગોઈ, હેતલ હરીલાલ પ્રેમજી સંગોઈ (નાની તુંબડી - મુલુંડ) તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ 80-G બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ

2/1/1(11) --------- (A-9437)(2-2)

**શ્રી ક.વિ.ઓ. જૈન મહાજન બોરીવલી**

ક્ષમાપના મિલન, તપસ્વીઓનું સન્માન તથા સ્વામિવાત્સલ્ય. દર વર્ષની જેમ, આ વર્ષે પણ તપસ્વીઓનું સન્માન તથા સ્વામિવાત્સલ્યનો કાર્યક્રમ તા. ૦૭-૦૯-૨૫, રવિવાર સવારે ૯:૩૦ થી બપોરે ૧.૩૦ વાગ્યા સુધી શેઠ ગોપાલજી હેમરાજ હાઈસ્કૂલ એન્ડ જુનિયર કોલેજ, બોરીવલી (પૂર્વ) મધ્યે રાખવામાં આવેલ છે.પર્યુષણ પર્વ દરમ્યાન આઠ ઉપવાસ કે તેના થી વધારે સળંગ ઉપવાસ, તેમજ વર્ષી તપ- -સિદ્ધિતપ જેવી વિશિષ્ટ તપસ્યા પૂર્ણ કરનાર બોરીવલી નિવાસી તપસ્વીઓનું આ પ્રસંગે બહુમાન કરવામાં આવશે. તપસ્વીઓના નામોની નોંધણી તા. ૨૫ ઓગસ્ટ થી ૩૦ ઓગસ્ટ સાંજના ૬.૦૦ વાગ્યા સુધી, મહાજનની ઓફિસ - આઈ-૧, મંગલકુંજ મા રૂબરૂ અથવા તેમના સગા-સંબંધીઓ દ્વારા થઈ શકશે. ફોન દ્વારા નામ સ્વીકારવામાં નહીં આવે. કાર્યક્રમમાં તપસ્વીશ્રીની ઉપસ્થિતિ અનિવાર્ય રહેશે. જા.સૌ. ભાવના રોડવેઝ, સુરેન્દ્રનગર / પત્રી / બોરીવલી- શ્રી વિરલ મણિલાલ શાહ. લી. માનદ મંત્રીઓ.

4/1/1(17) --------- (A-9454)(2-3)

**VULCAN INDIA CCTV**

Cameras, Biometric, Walky Talky, Fire Alarm, Installation & Amc at Wholesale Rates. Ritesh Dharod (Luni) - 9820608929 / 9619616103.

2/1/1(9) --------- (B-9440)(2-4)

## શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ
સંચાલિત **શ્રી ભાતબજાર દેરાસર સમિતિ** તથા
## શ્રી ભાતબજાર ચીંચબંદર જૈન સંઘ

**સંવત્સરી પ્રતિક્રમણ તા. ૨૭/૦૮/૨૦૨૫**

**ભાઈઓ માટે**
શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજનવાડી, ચીંચબંદર
શ્રી દેવચંદ હીરજી મોતા ઉપાશ્રય, ૨જે માળે
બપોરના ૪.૦૦ કલાકે

**બહેનો માટે**
શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજનવાડી, ચીંચબંદર
રોમન વિઝન બેન્કવેટ હોલ, ૩જે માળે
બપોરના ૪.૦૦ કલાકે

**પર્યુષણ પર્વ દરમ્યાન આંગીના લાભાર્થી પરિવારો**

તા. ૨૦-૦૮-૨૫ ...કુ ભાવીની કીરણ વીરા-વાંકી
તા. ૨૧-૦૮-૨૫ ...માતુશ્રી ખેતબાઈ ચનાભાઈ શીવજી ગાલા-કોટડી મહાદેવપુરી
તા. ૨૨-૦૮-૨૫ ...માતુશ્રી મંજુલાબેન લખમશી પાસુભાઈ છેડા-નાના આસંબીયા
તા. ૨૩-૦૮-૨૫ ...માતુશ્રી સાકરબેન કેશવજી જેઠાભાઈ સાવલા-બાડા (મિલન પરિવાર)
તા. ૨૪-૦૮-૨૫ ...શા. શીવજી વાલજી એન્ડ કું.
તા. ૨૫-૦૮-૨૫ ...શ્રીમતી ઉર્મિલાબેન પ્રેમજીભાઈ ગોસર-વિઢ
તા. ૨૬-૦૮-૨૫ ...માતુશ્રી ખેતબાઈ ઠાકરશી લખમશી દેઢીયા-ગઢસીસા હસ્તે શ્રીમતી સુધાબેન પ્રવીણ દેઢીયા
તા. ૨૭-૦૮-૨૫ ...કુ. ભાવીની કિરણ વીરા-વાંકી

**લાભાર્થી પરિવારોની ભુરી ભુરી અનુમોદના...**
લી. માનદ્ મંત્રીઓ

॥ અચલગચ્છ શણગાર શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદયસાગરસૂરિ ગુરૂભ્યો નમઃ॥

## શ્રી કચ્છી વિશા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ
## શ્રી ઘાટકોપર કચ્છી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ

**શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ દેરાસર ઘાટકોપરના આંગણે...**

**પર્વાધિરાજ પર્યુષણ પર્વનો સાતમો દિવસ**
**ભાદરવા સુદ ૪ મંગળવાર તા. ૨૬-૦૮-૨૦૨૫**



ચાતુર્માસ ૨૦૨૫

**સહનશીલતાના શુભ સંદેશ લાવતો દિવસ...**
**કલ્પસૂત્ર વાંચન**
પ્રભુ પાર્શ્વથી આદિપ્રભુનો અણમોલો ઈતિહાસ,
શ્રવણે થાય અંતરમાં અજબ ઉજાસ...
મહાનગરી મુંબઈના ઘાટકોપર તીર્થે..જીરાવલ્લા દરબારે...
અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાનુવર્તીની,
માતૃહૃદયા પ.પૂ. સા. પુણ્યોદયશ્રીજી મ.સા.ના સુશિષ્યા
કુશલ યોગક્ષેમ કર્તા પ.પૂ. સા. વિપુલગુણાશ્રીજી મ.સા.ના અનુગ્રહથી
તેમનાં સુશિષ્યા વર્ધમાન તપોનિધિ પ.પૂ. સા. પ્રશાંતગુણાશ્રીજી મ.સા.,
પ.પૂ.ડૉ.સા. હર્ષિતગુણાશ્રીજી મ.સા. (MA. PhD),
પ.પૂ.સા. નવતત્ત્વગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા ૩ની પાવનકારી નિશ્રામાં



ચાતુર્માસ અવસરે દરરોજ સવારે જિનવાણી સાંભળવા પધારો...
તપ-જપ-પ્રતિક્રમણ આદિ ધાર્મિક ક્રિયાઓ ચાલુ છે....

**સવારે ૮.૪૫ કલાકે થી : વ્યાખ્યાન, તપસ્વીઓનું બહુમાન, સમુહ સાંજી**
સાંજે ૬.૪૫ ક.: પ્રતિક્રમણ, રાત્રે ૮.૩૦ ક.: રાત્રિ ભાવના - શ્રી પંતનગર પાઠશાળાના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ

વ્યાખ્યાન દરમ્યાન બારસા સૂત્ર મહારાજ સાહેબને વહોરાવવાનું, પાના દર્શન, આરતી સાથે મંગળદિવો તથા પાંચ જ્ઞાન પૂજાના ચડાવા અને તપસ્વીઓની અનુમોદના કરવામાં આવશે.

**આંગીના લાભાર્થી: ચિ. ચૈત્ય-ચિ. કૈરવી હૃદયા સચીન વિકમાણી (કોટડા રોહા)**

ભાદરવા સુદ ૫ બુધવાર, તા: ૨૭-૦૮-૨૦૨૫ ના સવારે શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ તીર્થના દ્વાર ઉદ્‌ઘાટન માટે ચડાવા લેવામાં આવશે.
શ્રી સકળ સંઘને લાભ લેવા વિનંતી...

**લિ. માનદ્ મંત્રીઓ**

UPASANA - 9820167767

## જીવદયા અનુદાન

**શ્રી કચ્છ બિદડા વિ.ઓ.જૈન મહાજન સંચાલિત**
**શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા**

● રૂા. ૨૫૦૦૦/- એક જીવદયા પરીવાર તરફથી અનુદાન.

● રૂા. ૧૮૦૦૦/- ગામ : બિદડાનાં માતુશ્રી હીરબાઈ રાઘવજી હંસરાજ ફુરીયા હસ્તે કીરીટભાઈ રાઘવજી ફુરીયા પરીવાર હાલે બોરીવલી તરફથી જીવદયા અનુદાન જેમાં : રૂા. ૧૫૦૦૦/- મીષ્ટાન જમણ, રૂા. ૧૫૦૦/- કબુતરને ચણ અને રૂા. ૧૫૦૦/- કુતરાને રોટલા

● અબોલ જીવોને યાદ કરી જીવદયા અનુદાન કરવા બદલ બંન્ને પરીવારનો ખુબ ખુબ અનુમોદના. ગૌમાતાનાં આશીર્વાદ પરીવાર ઉપર સદૈવ વરસતા રહે એ જ પ્રભુને સંસ્થા વતી પ્રાર્થના સહ આભાર.

● CSR & 80 G Tax Benefit Available.

● સંપર્ક : પ્રદીપ ફુરીયા-૯૮૨૦૦૨૯૫૮૭, દિનેશ રાજા-૯૮૧૯૧૪૬૭૯૯.

4/1/1(1) --------- (A-9439)(2-8)

**!! પરીણામ ન મળે તો પૈસા પાછા !!**

હેમગીરી હર્બલ હેર ઓઈલ-વાળ ખરવા, વાળ સુકા થવા, ઉંદરીની સમસ્યા, ગરમીથી રાહત, વાળમાં ખોડાની સમસ્યા, વાળવૃધ્ધિની સમસ્યા, ટાલીયાપણું, વાળ સફેદ થવાની સમસ્યા...૧૨ વર્ષથી ૫૫ વર્ષ સુધીનાં માટે અસરકારક. નોંધ : ફોન પર ૧ પ્રશ્નનો જવાબ મળશે. એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી. 100 ml નાં માત્ર રૂા. 600/- શ્રી મોમાઈ જૈન મહીલા ગૃહ ઉધોગ, ફરસાણી દુનીયાની સામે, ભુજ-કચ્છ. વોટસએપ-8487069846.

4/1/1(6) --------- (B-9450)(2-9)

**ભારતભરનાં પેપરોમાં તથા વોટસઅપ ગ્રુપમાં 'જાહેર ખબર'**

ઓછા ભાવે + સ્કીમમાં : આપના ધંધાની - પ્રોપર્ટીની - 'પ્રાર્થના સભાની', લગ્નની, નોટીસની, નોકરીની, નામ બદલીની કોઈપણ 'જાહેરખબર' કરાવવા તેમજ ડીઝાઈન, વિઝીટીંગ કાર્ડ, પેમ્પલેટસ, વિડીયો, વેબસાઈટ બનાવવા. સંપર્ક : 'પુષ્પા વોરા' : 9769491030, 7506772541, (કાંદીવલી-ઘાટકોપર-મુંબઈ) મરણ નોંધ લેશું.

4/1/1(14) --------- (B-9449)(2-10)

**'સર્વે તપસ્વીઓને ભાવવંદના'**
**! સોની કાનજી આણંદજી જ્વેલર્સ !**

પર્યુષણ પર્વના પવિત્ર દિવસોમાં નાની-મોટી તપસ્યા આદરેલ સર્વે તપસ્વી આત્માઓને સુખ શાતા પૂછી, ભાવવંદન કરીએ છીએ. સર્વે શાતામાં હોજો.

● સોની કાનજી આણંદજી જ્વેલર્સ (કચ્છ : ફરાદીવાલા) બી/૧૮, રોયલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સહકાર નગરની સામે, વડાલા, મુંબઈ-૩૧. ફોન : 41755500 / 24150572.

2/1/1(15) --------- (N-9448)(2-11)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્‌ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

શ્રી સુવિધિનાથાય નમઃ

શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌત્તમ-નિતી-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગરસૂરીભ્યો નમઃ

# શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજનના આંગણે...

## શ્રી લાલવાડી (ધર્મપુરી) નગરે, શ્રી સુવિધિનાથ દરબારે...




## '૯૯-૯૯ સૌના દિલમાં રમે....શિખરજીના શામળિયા પાર્શ્વ સૌને ગમે'

### ૨૦-૨૦ તીર્થંકરોની નિર્વાણ કલ્યાણક ભૂમી, પાંચ મોટા તીર્થોમાં જેની ગણના થાય છે એવું પવિત્ર તીર્થ એટલે શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થ.

રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા.**ની પ્રેરણા અને નિશ્રામાં **સવંત ૨૦૪૦ના માગસર સુદ-૧૧ને ગુરૂવાર, તા. ૧૫/૧૨/૧૯૮૩ના શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજનના આ સ્થાનેથી લાલવાડીના શ્રી સુવિધિનાથ દાદાના દરબારે થી શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થનો છ'રી પાલક સંઘ નિકળ્યો જે ઐતિહાસિક, અલૌકિક અને અદ્વિતિય હતો.** હજારો વર્ષના ઈતિહાસમાં ન સાંભળ્યો હોય કે ન જોયો હોય એટલો વિશાળ ૧૪૫ દિવસનો આ સંઘ, જેમાં ૬૦ જેટલા સાધુ–સાધ્વીજી ભગવંતો ૧૦૦૦ જેટલા યાત્રિકો ૨૦૦ જેટલા કાર્યકરો અને ૨૫ જેટલા પુણ્યવંતા સંઘપતીઓ જોડાયા હતા. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને બિહાર રાજ્યોમાંથી પસાર થતાં આ સંઘ હજારો જૈન – જૈનેતરોમાં શાસન પ્રભાવનાનું નિમિત્ત બન્યો હતો. અત્યારે તો તે સમયના યાત્રિકો કે વડિલો પાસેથી એ સંઘની વાતો પણ સાંભળીએ તો રોમાંચ ખડા થઈ જાય.

જે દાદાની છત્રછાયામાં આ સંઘનું મંગલ પ્રયાણ થયું એવા લાલવાડીના **'શ્રી સુવિધિનાથ દાદા'** એ દાદાની પણ નિર્વાણ કલ્યાણક ભૂમી એટલે **શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થ** અને જે જિનાલયથી આ સંઘનું મંગલ પ્રયાણ થયું એ જિનાલય એટલે **શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન, શ્રી લાલવાડી (ધર્મપુરી) જૈન સંઘ સંચાલિત શ્રી સુવિધિનાથ જિનાલય...**

જે જિનાલય શતાબ્દિ વર્ષ પૂર્ણ કરી **'તીર્થ'** બનવા જઈ રહ્યું છે ત્યારે એ શતાબ્દિ વર્ષના મંગલ અવસરે લાલવાડીથી શ્રી સમ્મેતશિખરજી છ'રીપાલક સંઘની ઝાંખી કરાવતું નજરાણું એટલે

## 'શ્રી સમ્મેત શિખરજી મહાતીર્થની ૯૯ યાત્રા'

અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાનુવર્તિની
**પ.પૂ. સાધ્વી શ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.** ના શિષ્યા, લાલવાડી રત્ના
**પ.પૂ. સાધ્વી શ્રી ભવ્યગુણાશ્રીજી મ.સા.** આદિ ઠાણા જેઓ પણ એ
ઐતિહાસીક સંઘમાં જોડાયા હતા એ જ પૂજ્યશ્રીની પ્રેરણા
અને નિશ્રામાં લાલવાડીના પરિસરમાં આબેહુબ
શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થની પ્રતિકૃતી રચાશે.

### કદાચ અત્યારના સમયે સદેહે શિખરજી મહાતીર્થની ૯૯ યાત્રા કરવાનું શક્ય બને કે ન બને પણ અહીં લાલવાડી પધારી આવા શિખરજીની ૯૯ યાત્રા કરવાનો અવસર ચુકશો નહીં.

### તા. ૧૪/૯/૨૦૨૫ રવિવારથી આ યાત્રાનો મંગલ પ્રયાણ થશે.

ઓછામાં ઓછા નવકારશી અને ચોવિહાર પચ્ચકખાણ સહિત આ ૯૯ યાત્રામાં સૌ કોઈ જોડાઈ શકશો.

"સમ્મેતશિખરનો મહિમા છે જબરદસ્ત
૨૦–૨૦ જિનોની નિર્વાણ કલ્યાણકથી શોભી રહ્યું છે તીર્થ સમસ્ત
ભોમિયાજી યાત્રિકોની રખેવાળીમાં રહે છે સદા વ્યસ્ત
૯૯ યાત્રાની રમણતામાં રહેશો તમે એવા મસ્ત"

**૯૯ યાત્રા સંબંધી વિશેષ માહિતી માટે પૂજ્યશ્રીનો સંપર્ક કરશો...**

આ ૯૯ યાત્રામાં જોડાવવા ત્વરીત ફોર્મ ભરી આપનું નામ રિઝર્વ કરાવી લેશો. (ફોર્મ પૂજ્યશ્રી પાસે મળશે.)

લિ. શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન • શ્રી લાલવાડી (ધર્મપુરી) જૈન સંઘ

# શ્રી પત્રી મુંબઈ મહાજન

૮, દયાલ ભુવન, ૧૦૪, કેશવજી નાયક રોડ, ચીંચબંદર, મુંબઈ-૦૯. ટે. ૦૨૨-૪૯૭૧૫૦૫૬

## શ્રીમતી જવેરબેન જે.કે. શાહ સર્વ સાધારણ ખાતું

## ઈન્ડોર સ્પોર્ટ્સ ઉત્સવ CONNECTING PATRI ના

**સ્પોનસર : શ્રીમતી ઈન્દિરાબેન હસમુખ કે. શાહ (V-Trans Parivar)**

**દાતા પરિવારની ભુરી ભુરી અનુમોદના, હરહંમેશ સાથ આપવા તત્પર રહેવા બદ્લ હાર્દિક આભાર.**



NOTRUM

**નોટરમના વિજેતા**

1st Prize : શ્રી જગશીભાઈ ખીમજી શાહ (J.K.SHAH), શ્રી અશોકભાઈ કુંવરજી શાહ

2nd Prize : શ્રી નિરવ હરિશભાઈ ઠાકરશી ધરોડ, શ્રી સંકેત ભાવેશ નાનજી ધરોડ



SEQUENCE

**સીક્વેન્સના વિજેતા**

1st Prize : નિવાન વિરલ મણીલાલ ધરોડ, કવિતા કમલેશ ભવાનજી ગાલા

2nd Prize : જીગર શાંતિલાલ ખીમજી ગાલા, બિજલ જીગર શાંતિલાલ ગાલા



MENDI COAT

**મેન્ડી કોટના વિજેતા**

1st Prize : શ્રી હરિશભાઈ ઠાકરશી પાસુ ધરોડ, સ્તુતી જીગર શાંતિલાલ ગાલા

2nd Prize : હેમલ લક્ષ્મીચંદ હીરજી છેડા, ભાવિન વિનેશ માલશી ધરોડ



CARROM

**કેરમના વિજેતા (Male / Female)**

1st Prize : હિરલ વિનેશ મોણશી ધરોડ

2nd Prize : ચિરાગ હરખચંદ વાલજી દેઢિયા

1st Prize : શ્વેતા ભરત જીવરાજ ગડા

2nd Prize : આશા વસંત જીવરાજ ગડા



LUDO

**લુડોના વિજેતા**

1st Prize : કુ. સૌર્ય શૈલેષ મોરારજી ગાલા

2nd Prize : જીગર પ્રવિણચંદ્ર ભાણજી દેઢિયા



CHESS

**ચેસના વિજેતા**

1st Prize : હેનીલ જયેશ ધનજી ધરોડ

2nd Prize : શ્રેયા હસમુખ લક્ષ્મીચંદ સંગોઈ

**મ્યુઝીકલ ચેર** — 1st Prize : હિમય હિરલ વિનેશ ધરોડ; 2nd Prize : દક્ષ ચેતન વશનજી ગડા

**બલુન રેસ** — 1st Prize : હિયાન ચિંતન મુકેશ ધરોડ; 2nd Prize : રીવાંશ સૌરભ વિરેન્દ્ર છેડા

**લીંબુ ચમચી** — 1st Prize : રીવાંશ સૌરભ વિરેન્દ્ર છેડા; 2nd Prize : હિયા સચીન પ્રવીણ ધરોડ

**Treasure Hunt**

**ટ્રેઝર હંટના વિજેતા ટીમ**

1st Prize : પાયલ સુરેશ શાંતિલાલ સાવલા
સંકેત ભાવેશ નાનજી ધરોડ
કશ્ક બિપીન લક્ષ્મીચંદ સંગોઈ
સાંચી રાકેશ મણીલાલ ધરોડ
રિયા વિશાલ હિંમતલાલ ધરોડ
પલક હિતેશ વસનજી ગડા

2nd Prize : રિયા ચંદ્રેશ લક્ષ્મીચંદ છેડા
વંશ ચંદ્રેશ લક્ષ્મીચંદ છેડા
ક્રિના કલ્પેશ લક્ષ્મીચંદ છેડા
પાર્થ હિતેશ શાંતિલાલ સાવલા
અંશુલ નિલેશ લક્ષ્મીચંદ ગડા
શેરીન કવન વિનોદ દેઢિયા

**HEARTIEST CONGRATULATIONS TO ALL OUR WINNERS**



ઈન્ડોર સ્પોર્ટ્સ ઉત્સવ... 'CONNECTING PATRI'ના શ્રી પત્રી મુંબઈ મહાજનના પ્રયાસને સફળ બનાવનાર, ઉત્સાહથી ભાગ લેનાર, સહભાગી થનાર સર્વે ખેલાડીઓ, નામી-અનામી સવેનો ખુબ ખુબ આભાર... ભવિષ્યમાં પણ મહાજન દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓમાં ઉદારદિલ દાતાશ્રીઓ, નાના-મોટા સહુ ગામવાસીઓ આપ સર્વેનો આવોજ સાથ-સહકાર મળતો રહે એવી અભ્યર્થના...

**સ્પોર્ટ્સ અને other એક્ટિવ કમિટી**

૧) દિપેન રમણીક છેડા-કન્વિનર, ૨) સુરેશ શાંતિલાલ સાવલા - કન્વિનર, ૩) રિતેશ કાનજી દેઢિયા, ૪) જીનિત ગિરીશ દેઢિયા, ૫) અતુલ રાઘવજી ધરોડ, ૬) રિધ્ધી સંકેત ધરોડ, ૭) પાયલ સુરેશ સાવલા, ૮) વૈશાલી પિયુષ રાંભિયા


**લિ. મંત્રીઓ:**
હિતેશ સાવલા, દિનેશ છેડા, રીતેશ દેઢિયા

(*904)

**જાહેરાત સૌજન્ય:** V-TRANS Driving Excellence — V-Trans (India) Ltd.

SONI GRAPHICS 9653103959

## નવસ્મરણ સ્તોત્ર



**૭. ભક્તામર સ્તોત્ર - નમિઉણ સ્તોત્રના રચયિતા આચાર્ય માનતુંગ સૂરિ મુનિએ જ ભક્તામર સ્તોત્રની રચના કરી છે અને નમિઉણ સ્તોત્રની જેમ જ આ સ્તોત્રમાં પણ આઠ મહાભયોનું વર્ણન કરવામાં આવેલ છે. ભક્તામર શબ્દથી સ્તોત્રના પદનો આરંભ થયો હોવાથી આ સ્તોત્રનું નામ ભક્તામર સ્તોત્ર પડ્યું છે. આ સ્તોત્રનું બીજું નામ આદિનાથ સ્તોત્ર પણ છે. સંસ્કૃતમાં રચાયેલ આ સુપ્રસિધ્ધ સ્તોત્ર વસંત-તલિકા છંદમાં લખાયેલ છે. ૭મી સદીમાં ઉજ્જયિણી એટલે કે આજની ઉજ્જૈન નગરીના રાજા ભોજે માનતુંગસૂરિ મુનિની પરીક્ષા લેતા તેમને ૪૮ તાળાની સાંકળમાં પૂરેલા. માનતુંગસૂરિએ આદિનાથ ભગવાનની અત્યંત ભાવપૂર્વક અર્ચના કરતા આ સ્તોત્રની રચના કરી. આની એક એક ગાથા તેઓ રચતા ગયા અને એમના તાળા તુટતા ગયા. આ રીતે ૪૮ ગાથાની ભક્તામર સ્તોત્રની રચના થઈ. આ સ્તોત્રની અત્યાર સુધીમાં ૧૦૩ વખત અનુવાદ થયેલ છે. તેમજ ભક્તામર સ્તોત્ર અનેક ભાષાઓમાં ઉપલબ્ધ છે જેમાં અંગ્રેજી, હિંદી, ગુજરાતી, મરાઠી, બંગાળી, તામિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ, ઉર્દૂ, પંજાબી તેમજ અન્ય ભાષાઓ છે. મહાપ્રભાવિક ભક્તામરના પાઠથી સમસ્ત વિઘ્ન-બાધાઓનો નાશ થાય છે.**

(CLC-9445) (ક્રમશઃ)

**શ્રીમતી અમૃતબેન અજીત મોતા સમસ્ત પરિવાર (ભુજપુર)**
**ટીમ મોતા ચિપ્સ પરિવાર**
Andheri • Kopar Khairane (MIDC)
motas Taste the Wonder

**તન મન પર્યુષણ પર્વ મિચ્છામી દુક્કડ્મ**

વિભિન્ન વિકલ્પો સહ શીખરજી બારે માસ ! સાઉથ 11-9, કેરલા દર શુક્ર, વિયેતનામ 3-10, 12-12, 2-01, 20-02, ભાવિ તીર્થંકર શ્રી રાવણની ભૂમિ શ્રીલંકા 14-10, 14-01, 11-02, નેપાલ 29-10. તન મન ટુર્સ : M.: 9594560708.

2/1/1(2) --------- **(N-9311)(5-1)**

**સાયકોલોજી શીખો + અંગ્રેજી બોલો**

મેન્ટલ બ્લોક્સ, નેગેટીવીટી, બોર્ડમ, લોન્લીનેસ, etc. ને ડીપ Ideas થકી ઓવર કમ કરો. ખુબ જ સરળ પધ્ધતિ, ફ્લેક્સીબલ ટાઈમ, વય મર્યાદા નથી. કાઉન્સેલીંગ માટે પણ કોલ કરો. NEXT PEAK - 9619391890.

4/1/1(1) --------- **(B-9346)(5-2)**

**! શુધ્ધતાનો વિશ્વાસ એક પરંપરા !**
**K.K. Oil Trading કંપનીનું**

'શ્રી MK કાચી ઘાણી' નું (COLD PRESSED) શુધ્ધ તેલ.

- સીંગ, સફેદતલ, કાળા તલ, કોપરેલ અને રાઈ. ફક્ત આ કુદરતી તેલીબીયામાંથી બનતું COLD PRESSED Oil.
- તદ્દન પ્યોર દેશી ગાયના વલોણાનું 'ઘી' ૧ લીટર કાચની બરણીમાં મળશે.
- સંપર્ક : (૧) મણીલાલ લાપસીયા : 9819814714 (૨) નીના કારાણી : 9322248444. FREE HOME DELIVERY. (Mumbai)

2/1/1(5) --------- **(B-9443)(5-3)**

**નિઃશુલ્ક જાત્રા, લોનાવાલાનાં દેરાસરો**

૬૫ વર્ષની ઉપરનાં માટે એક દિવસીય લોનાવાલાના દેરાસરોની નિઃશુલ્ક જાત્રા. સં. કુમુદ હીતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા-7304472581. (ફક્ત વોટસએપ, નો ફોન કોલ્સ)

4/1/1(4) --------- **(N-9444)(5-4)**

**શ્રી થાણા કચ્છી વિશા ઓસવાલ દેરાવાસી જૈન સંઘ - થાણા**

**જય મંગલ ભવન**

જય મંગલ ભવન, રામ મારૂતી ક્રોસ રોડ નં. ૧, નૌપાડા, થાણા (પ.) ફોન : 9930094577

આનંદ અને આરાધનાની અનોખી સાંજીનો પ્રસંગ
ચાલો ઉજવીએ 'જય મંગલ ભવન'
અત્યાધુનિક AC Hall સંગ...



**પર્યુષણ પર્વ નિમિત્તે**
**સાંજી - પારણા - ક્ષમાપના મિલન**

માટે આકર્ષક દરે કેટરીંગ તથા ડેકોરેટર્સના વિવિધ પેકેજો સાથે

**સ્પેશ્યલ પેકેજ : તા. ૨૯ ઓગસ્ટ થી તા. ૮ સપ્ટે. ૨૦૨૫**

| Hall A | સમય સ્લોટ | Hall B |
| --- | --- | --- |
| (Capacity upto 350 pax) 9 am to 1 pm & 4 pm to 8 pm | પર્યુષણ પર્વના દરેક પ્રસંગોની ઉજવણી માટે સર્વોત્તમ સ્થળ | (Capacity upto 150 pax) 9 am to 1 pm & 4 pm to 8 pm |

(CLB-9455)

**કેટરીંગ મોનોપોલી : કેવલ વીરા (પારીસો)**

બુકીંગ માટે સંપર્ક : અજીત જિનાલય - 99300 94577 (9 am to 6 pm)

લિ. માનદ્ મંત્રીઓ : શ્રી ક.વિ.ઓ. દે. જૈન સંઘ - થાણા

**શ્રી બેંગ્લોર આઠ કોટી નાની પક્ષ સ્થા. જૈન સંઘ સામુહીક આલોયણા અને પ્રતિક્રમણ**

બુધવાર તા.૨૭/૮/૨૦૨૫ સંવત્સરીના દિવસે શ્રાવક ભાઈઓ, શ્રાવિકા બહેનો તેમ જ નાના મોટા સૌ માટે


- સામૂહિક આલોયણા સાંજે ૪ વાગે.
- સામુહિક પ્રતિક્રમણ સાંજે ૬.૩૦ વાગે.
- સ્થળ - શાંતિ સદન, ૧૦૪, સર્પેનટાઈન રોડ, કુમારા પાર્ક વેસ્ટ, સેશાદ્રીપુરમ, બેંગલોર-૫૬૦૦૨૦.
- વધુ માહિતી માટે સંપર્ક - નિરવ દોશી-૯૬૨૦૨૨૦૨૪૯, હીના ગડા -૯૩૪૧૬૧૨૨૦૧.
- લિ. શ્રી બેંગલોર આઠ કોટી નાની પક્ષ જૈન સંઘ.

4/1/1(7) --------- **(A-9442)(5-5)**

**દેશ વિદેશ કુરિયર 24x7**

સાઉથ આફ્રિકા, કેન્યા, નાઈઝેરિયા, મોઝામ્બિક, યુગાન્ડા, મોરેશિયસ, તથા બીજા આફ્રિકન દેશોમાં documents, કુરિયર, ખાવાપીવાની અને અન્ય ચીજવસ્તુઓ તેમજ એક્સપોર્ટરો/ઈમ્પોર્ટરો માટે Sample / Freight Economic/ Express Service થી મોકલવા લાવવા અનુજ લક્ષ્મીચંદ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો - Vacuum Packing Available. Free Pick Up Service PAC n DELIVER M. 8879991866. anuj@pacndeliver.com 20 Years of Quality Service.

2/1/1(3) --------- **(B-9209)(5-6)**




*Tell us the vibe, we'll build the trip.*

**Contact us for enquiry today:**

Harsh Vira: *77382 79836* | Rakshit Dedhia: *70216 64759* |Shrey Sangoi: *91379 11579*

: @thebucketlister_ : www.thebucketlister.in

Stay tuned on our Instagram page for The Great Indian Getaway offer coming on 1st September

SCAN ME
FOR GROUP TOURS

NEELPARI AD – 9322299742

(CLC-9453)

SHRI POONA KUTCHI JAIN SAMAJ

# શ્રી પૂના કચ્છી જૈન સમાજ

SPKJS નંદુ ભવન: ૬૮/૨ શિવરાઇ નગર, કાકડે વસ્તી,
કોંઢવા બુદ્રક પૂણે ૪૧૧૦૪૮. ફોન ૦૨૦-૭૯૬૩ ૬૭૮૦

SPKJS NANDU BHAVAN

## સાંવત્સરિક કાર્યક્રમ અને સ્વામીવાત્સલ્ય

શ્રી પૂના કચ્છી જૈન સમાજ તરફથી સાંવત્સરિક કાર્યક્રમ અને સ્વામીવાત્સલ્ય આયોજન પ્રસંગે પૂણે શહેર મધ્યે રહેતા ક.વી.ઓ. અને અન્ય સમાજમાં પરણેલી અને પૂણે મધ્યે રહેતી નિયાણી બહેનોને સહકુટુંબ પધારવાં ભાવભર્યું આમંત્રણ છે.

**સ્વામીવાત્સલ્ય જમણ તેમજ લક્કી ડ્રો ના સ્પોન્સર**



**અ.સૌ. લીલાવતીબેન સુર્યકાંત રવજી શાહ (ગાલા)-નવાવાસ**
**હસ્તે: આશની જીગ્ના રાજીવ શાહ (ગાલા)**

**રવિવાર તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૫**
સવારે ૯.૩૦ વાગ્યા થી બપોરે ૧.૩૦ વાગ્યા સુધી
વિવિધ કાર્યક્રમો સમાજના નંદુ ભવન મધ્યે રહેશે.

- તપસ્વી બહુમાન
- વિદ્યાર્થી વિદ્યા સન્માન
- માતૃપિતૃ વંદના, ૭૫ વર્ષ પૂર્ણ કરનાર વડીલોનું બહુમાન
- ૫૦ વર્ષ લગ્નજીવનના પૂર્ણ કરનાર દંપતિનો સત્કાર
- દિકરી તો વહાલનો દરિયો - કન્યા જન્મ માટે કન્યારત્ન પુરસ્કાર
- પૂણે મધ્યે નવા આવનાર પરિવારનું સ્વાગત
- લક્કી ડ્રો........ ત્યાર બાદ જમણ

**લી. મહેશ રતનશી ઘરોડ, પ્રમુખશ્રી**

(CLB-9446)

DEV GRAPHICS - 9323 84 2828

---

# કચ્છી મહિલા ફેડરેશન

કાર્યાલય : C/o. ભારતીબેન નવીન ગંગર. ૪૬૧/સી, પ્રભાસ્મૃતિ બિ., ગ્રાઉન્ડ ફ્લોર, ભાઉદાજી રોડ, નારાણજી શામજી વાડીની બાજુમાં, માટુંગા (સે.રે.)

**સમાજની વૈદકીય સેવાલક્ષી પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ મહિલા સંસ્થાના લોક કલ્યાણકારી કાર્યોને વધાવતા અનુદાન આપનાર દિલેર દાતાશ્રીઓ**

**રૂા.૫૦,૦૦૦/- મીનાબેન કેતન ગંગર (મોટી ખાખર-ચેન્નાઈ)**
રૂા.૩,૫૫૦/- વડીલોની સ્મૃતિમાં એક સન્નારી તરફથી
રૂા.૧,૧૧૧/- સંસ્થાના ભૂતપૂર્વ મંત્રી પ્રો.આશા ગાલા તરફથી દોહિત્ર ચી.નીવમ ની પ્રથમ વર્ષગાંઠ (૨૭-૬-૨૦૨૫) નિમિત્તે

પ્રભુને ગગનમંડપના તારલાઓ કરતાયે... માનવે આ ધરતી પર પ્રગટાવેલો માનવ સેવાનો દીપ વધારે વ્હાલો લાગે છે એવી જ રીતે સમાજની એક માત્ર સૌથી મોટી મહિલા સંસ્થાના માનવસેવા જિનાલયના જીવંત પરમાત્માની સેવા અર્થે આપ સર્વેએ અમુલ્ય અનુદાન આપી... 'માનવ સેવા એજ પ્રભુ સેવા' શબ્દોને સાર્થક કર્યા છે. ઉત્કૃષ્ટ સહયોગ માટે સંસ્થા સહર્ષ આભાર સહ અલૌકિક હાર્દિક અનુમોદના કરે છે. જૈન ધર્મના તીર્થ સમા શ્રાવક-શ્રાવિકાઓ, સમાજના ઉદ્યોગપતિઓ, વ્યવસાયિકો, પ્રોફેશનલ્સ, પર્વના દિવસોમાં ઉછળતા ભાવે ચડાવાના લાભ લેશો સાથોસાથ વૈદકીય સેવાલક્ષી લોક કલ્યાણકારી પ્રવૃતિઓ કરતી સંસ્થાને પણ અનુદાન આપશો.

**સંસ્થા 80 G અને CSR સર્ટીફીકેટ ધરાવે છે.**
આપની પાસેની CSR ની રકમનું અનુદાન આપી પુણ્યનું ભાથુ બાંધશો.

**સંસ્થાની મુખ્ય પ્રવૃતિ : કચ્છી મહિલા ફેડરેશન સંચાલિત જયાબેન વિસનજી મારૂ (બિદડા) મહિલા મેડીકલ ફંડ**

ટ્રસ્ટીગણ : ભારતી નવીન ગંગર : 9833830701, જ્યોતિ ઝવેરીલાલ સાવલા : 9323710200
રમીલા કાંતિલાલ સાવલા : 986908111, પાનબાઈ વલ્લભજી ગડા : 9920409111

(*903) **લિ. કચ્છી મહિલા ફેડરેશન પરિવાર**

NEEL PARI - 9322290742

---

|| જય મલ્લિનાથ ||
શ્રી ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદયસૂરિ ગુરુભ્યો નમો નમઃ

# શ્રી જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘ

**જોગેશ્વરી સંઘના ઓ ઉપકારી...પ્રથમ ચાર્તુમાસની યાદો આવે ભારી...**

અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાનુવર્તિની માતૃહૃદયા પ.પૂ.સા.શ્રી ચારૂલતાશ્રીજી મ.સા. ના શિષ્યા

## પ.પૂ.સા.શ્રી તત્વપ્રજ્ઞાશ્રીજી મ.સા.

જેમની ભાષામાં હતી મધુરતા,જેમના નયનો હતા નેહ નીતરતા
જેમના હૃદયે હતી સ્વાધ્યાયની રસીકતા, જેમના હોઠે હતી હરપળની જાગરૂકતા

મેળવ્યું તમે મહાવીર શાસનનું પારસ,
હૈયેને હોઠે હતુ પ્રભુ પાર્શ્વનુ વાસ
જીવનમાં જિનવાણીનો રસ હતો ખાસ,
પધારજો ક્યારેક મળે સ્વર્ગે જો અવકાશ...
'ચારુ પરિવાર'નું એ હતું સુમન,
વેદનાની વચ્ચે કર્યું પાપોનું શમન,
ભાદરવા સુદ ત્રીજે એ કરી ગયું ગમન,
જોગેશ્વરી સંઘના સ્વીકારજો નમન...
યાદોના બાંધ્યા અમે તોરણીયા,
પધારજો જરૂર સજાવ્યા આંગણીયા,
રાહ જોઈ ખુલ્લા રાખ્યા બારણીયા,
ગગન ગોખેથી વરસાવજો પ્રેમના વાદળીયા...



**એવા પ.પૂ.સા.શ્રી તત્વપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની ૮ મી પુણ્યતિથિએ સ્વીકારજો સંઘની વંદના...**

અત્રે ચાતુર્માસ બિરાજમાન પ.પૂ.સા. શ્રી નયદર્શનાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી જયપ્રજ્ઞાશ્રીજી મ.સા. એવં પ.પૂ.સા. શ્રી નયપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની પાવનીય નિશ્રામાં આરાધનાના ઘણું ફુલડા... વધારજો એના મુલડા...

(CLB-9457)

| વ્યાખ્યાન - પ્રભાવના : પૂજ્યશ્રીના માવિત્ર તુલ્ય | પ્રતિક્રમણમાં પ્રભાવના અને આંગી : |
|---|---|
| માતુશ્રી ભમીબેન પુનશી ગાલા (મોટા આસંબીયા) | માતુશ્રી લક્ષ્મીબેન લાલજી છેડા (બિદડા) |

**લિ. : શ્રી જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘ**
સંઘ પ્રમુખ નમસ્કાર મહામંત્ર આરાધક, શાસન રત્ન શ્રીયુત નરેન્દ્ર રામજી નંદુ તેમજ ટ્રસ્ટી-અધિકારી ગણ

YOU TURN an awareness STOP • THINK • TURN • ACT

# JYF જૈન યુથ ફોરમ

Off C/o: V Ply, Diamond Mansion, Worli, Mumbai - 18. Mob: 9820288265

www.jainyouthforum.org
/JYF.JainYouthForum
/JYF.JainYouthForum
... સ્વકલ્યાણ થી સર્વકલ્યાણ




## પર્યુષણ પર્વમાં ધર્મમંથન કરી, ભય રૂપી દિવાલોને તોડીએ....

### મરણ ભય

મરણ નો ભય મોટામા મોટો ભય છે. એ વાત આગમોમાં કહેવાઈ છે. એક પ્રતીકાત્મક ઉદાહરણની વાત કરીએ....

કોરોના જ્યારે વિશ્વમાં પ્રવેશતુ હતું ત્યારે ત્યાં ઉભેલા માણસે પુછયુ- તું કોણ છે ? ક્યાં જાય છે ? શા માટે ? કોરાના એ કહ્યું "હું વિશ્વવ્યાપી રોગ બનવા હજારો માણસો ને મારવા જગતમાં પ્રવેશ કરવા જઉં છું." માણસ આ સાંભળી દુ:ખી થયો પણ લાચારી વશ કાંઈ બોલ્યો નહીં.

થોડા સમય પછી 'કોરાના' પાછો વળતા વળી તે માણસનો ભેટો થયો. માણસે પૂછયુ, "તું તો હજારો માણસોને મારવાનો હતો, પણ મરણનો આંકડો લાખોમાં આવ્યો, આવું કેમ ?"

કોરોનાનો જવાબ: "મેં તો હજારોને જ માર્યા છે બાકીના તો મરણના ભયથી મૃત્યુને ભેટયા છે."

'જે ઉગ્યુ તે કરમાય, જે આવ્યુ તે જાય' એ કુદરતનો અટલ નિયમ છે માટે મૃત્યુના ભયથી દૂર થવા જીવન જ એવું બનાવીએ કે ગમે તે સમયે મૃત્યુ આવે તો આપણે તૈયાર હોઈએ.

### સમય છે ચિંતન મનનથી ભયને દૂર કરવાનો....

- શું હું મને જીવાડવા છકાય જીવોને મરણભય આપું છું ?
- શું હું મરણનો ભય રાખું છું કે મૃત્યુને મહોત્સવ બનાવવાની તૈયારી કરું છું ?
- શું હું જાણું છું કે સૌંદર્ય પ્રસાધનો (Cosmetics) બનાવવા માટે કેટલાય નિર્દોષ પ્રાણીઓને મરણ ભયનો સામનો કરવો પડે છે ?
- શું હું જ્યારે મારો સમય સારો ન ચાલતો હોય ત્યારે આત્મહત્યા જેવા નબળા વિચાર મગજમાં લાવું છું ?
- શું હું એવા કોઈ નશાના લતમાં નથી પડયો ને કે જેથી દુર્લભ એવો મનુષ્ય ભવ ચૂકી જાઉં ?




**મરણથી ડરવા કરતા જન્મથી ડરવા જેવું છે.**

(*L902)

### મરણ ભય

સતત ચિંતિત રહેતું મન,
કે કઈ ક્ષણે છે જીવનનો અંત,
મરણ તો આવે એકવાર,
જીવન છે રોજ...
મૃત્યુ મહોત્સવ બને,
કાપે એવો જીવન પંથ !

## શાંત પળોમાં વિચારજો






Printed and Published by : Shri Kutchi Visa Oswal Jain Mahajan (The Owner) : 226/232, Narshi Natha Street, Bhatbazar, Mumbai - 400009.
Printed at Dangat Media Pvt. Ltd : Office : 22, Dighe MIDC, Navi Mumbai - 400708.